# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-04-2026** **Evening : 7.10 to 7.20 pm**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

1) LPG લઈને આવેલું વધુ એક જહાજ "ગ્રીન આશા" આજે નવી મુંબઈ પહોંચ્યું.
2) **આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટાચૂંટણીમાં છ ઉમેદવાર મેદાનમાં.**
3) **ખોરાક અને ઔષધ નિયમન તંત્રે પાંચ દિવસમાં રાજયમાં અખાદ્ય પનીરનું વેચાણ કરતાં 270 એકમોને નોટીસ આપી**
4) રાજ્યમાં આવતીકાલથી ગરમી વધવાની આગાહી
5) **સુરેન્દ્રનગરના ખેલાડી મોહમ્મદ ખાન મલિકે શ્રીલંકામાં યોજાયેલી આંતર-રાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.**

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# INTERMINISTRIAL BRIEFING

પશ્ચિમ એશિયા સંઘર્ષ અંગે નવી દિલ્હીમાં આંતર-મંત્રાલય પરિષદને સંબોધતા ઔષધ વિભાગના સંયુક્ત સચિવ સત્યપ્રકાશ ટી. એલ. એ કહ્યું, દેશમાં જરૂરી દવાઓની સામગ્રીનો સતત પૂરવઠો સુનિશ્ચિત કરવા સંબંધિત વિભાગ સંકલન સાથે કામ કરી રહ્યા છે.

બંદર, જહાજ પરિવહન અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે કહ્યું, વધુ એક જહાજ “ગ્રીન આશા” LPG લઈને આજે નવી મુંબઈના J.N.P.A. બંદરે પહોંચ્યું છે.

તો,પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, સરકાર દેશમાં ઘરેલું LPGનો 100 ટકા પૂરવઠો સુનિશ્ચિત કરી રહી છે. તેમણે વિતરણ કેન્દ્રો પર LPGની અછતની કોઈ સૂચના ન હોવાનું જણાવ્યું.

**(બાઈટ – સુજાતા શર્મા)**

# LPG GAS SUPPLY

રાજ્યમાં LPG ગેસના પૂરવઠાની વ્યવસ્થાને સુચારું બનાવવા અગાઉના નિયમોમાં અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા મહત્વના સુધારા જાહેર કરાયા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા કરાયેલા નિર્ણય મુજબ, રાજ્યના ઔષધીય, ખાદ્ય, પૉલિમર, કૃષિ, પૅકેજિંગ, પેંઇન્ટ, સ્ટિલ, સિરામિક, ગ્લાસ અને ઍરોસોલ સહિતના એકમોને હવે માર્ચ 2026 પહેલાના તેમના ઉપયોગના સ્તરના 70 ટકાથી વધુ બલ્ક બિન-ઘરેલું LPG મળી શકશે. આ સમગ્ર ઔદ્યોગિક ક્ષેત્ર માટે પુરવઠાની કુલ મર્યાદા પ્રતિદિવસ 0.2 TMT એટલે કે, 200 મેટ્રીક ટન નક્કી કરવામાં આવી છે.

જ્યાં ઉત્પાદન પ્રક્રિયામાં LPG નો ઉપયોગ અનિવાર્ય હોય અને કુદરતી ગેસ (Natural Gas) તેનો સક્ષમ વિકલ્પ બની શકે તેમ ન હોય. એવા એકમોને પ્રાથમિકતા અપાશે. આ સુવિધા મેળવવા ઈચ્છતા તમામ એકમોએ જાહેરક્ષેત્રની ઑઈલ માર્કેટિંગ કંપની પાસે ફરજિયાત નોંધણી કરાવવી પડશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

# UMRETH BY ELECTION

આણંદની ઉમરેઠ વિધાનસભા બેઠકની આગામી 23 તારીખે યોજાનારી પેટા-ચૂંટણીમાં છ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ જામશે. આ માટે ઉમેદવારી પરત ખેંચવાની આજે સમયમર્યાદા પૂર્ણ થતા છ ઉમેદવારીપત્ર માન્ય રખાયા છે.

હવે આ બેઠક પર ભાજપના હર્ષદ પરમાર, કોંગ્રેસના ભૃગુરાજસિંહ ચૌહાણ, ભારતીય નેશનલ જનતા દળના મૌલિક શાહ, અપક્ષ જિતેશકુમાર સેવક, નિરૂપા માધુ અને મહેન્દ્ર પરમાર વચ્ચે ચૂંટણી લડાશે, તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારનું ગયા મહિને અવસાન થતાં આ બેઠક ખાલી પડી છે.

# STATE POLITICS NEWS

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણીને લઈ રાજ્યમાં રાજકીય ખેંચતાણ જોવા મળી રહી છે. આમ આદમી પાર્ટીના પૂર્વ નેતા રાજુ કરપડા તેમના સમર્થકો વચ્ચે આજે વિધિવત્ રીતે ભાજપમાં જોડાયા છે. બીજી તરફ, ભાજપની ચૂંટણી સમિતિની બેઠકનો આજે ત્રીજો દિવસ છે. ગાંધીનગરમાં યોજાઈ રહેલી આ બેઠકમાં ચૂંટણીના ઉમેદવારોના નામ અંગે ચર્ચા કરવામાં આવી રહી છે.

નર્મદાના સાગબારા તાલુકા અને જુનાગઢના વિસાવદર તાલુકામાં વિવિધ જિલ્લા પંચાયતોની બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ વિજય સંકલ્પ યાત્રા યોજી ઉમેદવારીપત્ર ભર્યા હતા.

# STATE POLITICAL UPDATES

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આગામી ચૂંટણીને લઈ ભાજપ દ્વારા સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના 13 વૉર્ડ માટે 52 ઉમેદવારના નામ જાહેર કરાયા છે. જ્યારે વાવ-થરાદ જિલ્લા પંચાયતના 28 ઉમેદવાર જાહેર કરાયા.

ભરૂચમાં નગરપાલિકાની સાત, જિલ્લા પંચાયતની આઠ અને તાલુકા પંચાયતની 43 બેઠક પર ઉમેદવારીપત્ર ભરાયા. જ્યારે આમોદ તાલુકા પંચાયતની વિવિધ બેઠક માટે કૉંગ્રેસના 13 ઉમેદવારોએ ઉમેદવારીપત્ર ભર્યું.

તો, રાજકોટ મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ચાર દિવસમાં 90 ઉમેદવારીપત્ર ભરાયા છે

# POLITICAL NEWS UPDATE

રાજ્યના ચૂંટણી આયોગે અલગ અલગ વિભાગના 34 અધિકારીને ચૂંટણી નિરીક્ષક તરીકેની જવાબદારી સોંપાઈ છે. અમદાવાદ મહાનગરપાલિકા અને જિલ્લા તથા તાલુકા પંચાયત માટે IAS અધિકારી અવંતિકા સિંઘની નિમણૂક કરવામાં આવી છે. જ્યારે IAS અધિકારી વિનોદ રાવને સુરત, લોચન સહેરાને વડોદરા, આલોક પાંડેને રાજકોટ મહાનગરપાલિકાની જવાબદારી અપાઈ છે. આ ઉપરાંત આદ્રા અગ્રવાલ ભાવનગર અને બોટાદના નિરીક્ષકની જવાબદારી સંભાળશે. તો અનિલ પ્રજાપતિ અરવલ્લી અને મહીસાગરના ચૂંટણી નિરીક્ષક હશે.

# NHRC – AHMEDABAD

અમદાવાદના એક છાત્રાલયમાં ખોરાક ખાધા પછી 57 જેટલી વિદ્યાર્થિની બીમાર પડ્યાના અહેવાલ અંગે રાષ્ટ્રીય માનવ અધિકારી પંચ – NHRCએ રાજ્યના મુખ્યસચિવ અને અમદાવાદ પોલીસ કમિશનરને નૉટિસ આપી છે. અહેવાલની સુઓમોટો નોંધ લેતા NHRC-એ બે સપ્તાહમાં આ અંગે વિગતવાર અહેવાલ સુપરત કરવા જણાવ્યું છે.

પંચે જણાવ્યું, અહેવાલમાં પીડિતોના સ્વાસ્થ્યની સ્થિતિ તેમજ કેસની તપાસનો સમાવેશ થઈ શકે છે. વિવિધ માધ્યમોના અહેવાલ મુજબ, પાંચ ઍપ્રિલે બનેલી આ ઘટનામાં પેટમાં દુખાવા, ઝાડા અને ઉલટીની સમસ્યા થતાં 18 જેટલી વિદ્યાર્થિનીઓને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યારે અન્ય વિદ્યાર્થિનીઓને તબીબી દેખરેખ હેઠળ રાખવામાં આવી હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FOOD AND DRUGS

રાજ્યમાં ખોરાક અને ઔષધ નિયમન તંત્રે છેલ્લા પાંચ દિવસમાં રાજયમાં પનીર અને એનલોગના ઉત્પાદન અને વેચાણની સઘન તપાસ હાથ ધરી 270 એકમોએ નોટીસ ફટકારી છે અને 18 એકમ સીલ કર્યા છે.

તંત્ર દ્વારા પનીર  અને ચીઝની ગુણવત્તા અંગે ગ્રાહક જાગૃતિ માટે રાજ્યવ્યાપી ઝુંબેશ  હાથ ધરાઇ છે, જેમાં એનાલોગ પનીર નકલી નથી પરંતુ ડેરી પનીરનો વિકલ્પ છે તે સમજ કેળવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે આ ઝુંબેશમાં 2 હજાર 527 જેટલા ઉત્પાદક, હોટેલ, રેસ્ટોરન્ટ, ઢાબાની તપાસ કરવામાં આવી અને 703 કિલોગ્રામ જેટલો અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો છે

# BHARUCH DRUGS ACCUSED

ભરૂચ SOG પોલીસે કેફી પદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, દહેજ નજીકના જોલવા ખાતે રહેતો અને મૂળ બિહારના આ વ્યક્તિની પોલીસે તપાસ કરતા તેની પાસેથી કેફી પદાર્થ મળી આવ્યો હતો. પોલીસે પરિક્ષણ કરતાં 24.95 ગ્રામ કેફી પદાર્થ હોવાનું જણાયું હતું. પકડાયેલા વ્યક્તિની પૂછપરછમાં તે આ કેફી પદાર્થ વડોદરાથી લાવ્યો હોવાનું સ્વીકાર્યું હતું. SOG એ બંને વિરૂદ્ધ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# SHAURYA DIVAS KUTCH

કચ્છમાં ભારત-પાકિસ્તાન આંતર-રાષ્ટ્રીય સરહદે સરદાર પોસ્ટ ખાતે શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી શૌર્ય દિવસ ઉજવાયો. કેન્દ્રીય અનામત પોલીસ દળ – CRPF દ્વારા કરાયેલી ઉજવણીમાં CRPF અને સરહદ સુરક્ષા દળ – BSF તથા પોલીસ અને જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓએ શહીદ જવાનોના બલિદાનને યાદ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, વર્ષ 1965માં પાકિસ્તાન દ્વારા શરૂ કરાયેલા "ડેઝર્ટ હૉક ઑપરેશન"નો પ્રતિકાર કરતા સરદાર પોસ્ટ ખાતે CRPFની ટુકડીએ અદમ્ય વીરતાનો પરિચય આપીને દુશ્મનના સૈન્યને પીછેહટ કરવા મજબૂર કરી હતી.

# EVE WEATHER UPDATE

રાજ્યમાં આવતીકાલથી મહત્તમ તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે કહ્યું, આગામી દિવસોમાં ગરમી વધી શકે છે. તેમજ હાલ પૂરતી વરસાદની કોઈ આગાહી ન હોવાનું પણ તેમણે ઉમેર્યું.

(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)

દરમિયાન ગત 24 કલાકમાં સૌથી વધુ 36.7 ડિગ્રી સેલ્સિયસ તાપમન અમરેલીમાં નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 36.6, ગાંધીનગરમાં 35.4 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રહ્યું છે.

# SNR PLAYER GOLD MEDAL

સુરેન્દ્રનગરના 12 વર્ષના ખેલાડી મોહમ્મદ ખાન મલિકે બીજી આંતર-રાષ્ટ્રીય કરાટે સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. પાટડી તાલુકાના મેરા ગામના આ ખેલાડીએ શ્રીલંકાના કેન્ડીમાં યોજાયેલી સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક અને વિજયચિહ્ન મેળવ્યું છે. જિલ્લાના લોકો અને તેમની શાળાના લોકોએ આ સિદ્ધિ બદલ તેમને અભિનંદન પાઠવ્યા છે. આ અંગે ખેલાડી મોહમ્મદ ખાન મલિકના પરિવારજને વધુ માહિતી આપી.

(BYTE: MOHAMMAD KHAN MALIK, PLAYER)

# FOOTBALL DNH TEAM

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગરહવેલી તથા દમણ-દીવ ફૂટબૉલ સંગઠન દ્વારા સ્વામી વિવેકાનંદ ટ્રોફી માટે 32 ખેલાડીની પ્રાથમિક ટીમ જાહેર કરવામાં આવી. અંડર 20 ટ્રાયલ્સમાં 117 ખેલાડીએ ભાગ લીધો. ટ્રાયલ્સ બાદ 32 ખેલાડીઓની પસંદગી થઈ છે. હવે તેઓ છત્તીસગઢમાં યોજાનારી આવતા મહિને સ્વામી વિવેકાનંદ ટ્રોફી સ્પર્ધામાં કેન્દ્રશાસિત પ્રદેશનું પ્રતિનિધિત્વ કરશે.